સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુટુંબમાં
પુત્રીના જન્મ પ્રસંગે સહાય માટે" દિકરી રૂડી સાચી
મૂડી " ની યોજનાના અમલ બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૯૬/ન.બા..૩/૨૩૨(૨૦૦૨)/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૨૧-૬-૨૦૦૨

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૯૬/ ન.બા.૩/અ તા.૧૩-૧૦-૯૭

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/ ૧૦૨૦૦૧/૨૨૦૧/ગ તા.૫-૨-૨૦૦૨

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય,ગાંધીનગરનો પત્ર ક્રમાંક: વિજાક/જનરલ/૨૦૦૧-૨૦૦૨/૨૦૦ તા.૨૨-૧-૨૦૦૨

ઠરાવ:-

આમુખ ક્રમાંક:(૧) માં જણાવેલ તા.૧૩-૧૦-૯૩ ના ઠરાવ અન્વયે સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુંટુબમાં પુત્રીના જન્મ પ્રસંગે સહાય માટે "દિકરી રૂડી સાચી મૂડી" યોજનાના અમલ માટેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે આમુખ (૩) ના નિયામકશ્રી (વિ.જા.) ના પત્રથી અમલીકરણમાં સરળતા માટે કેટલાંક ફેરફાર સુધારા કરવાની દરખાસ્ત અનુસંધાને પુખ્ત વિચારણાના અંતે આ ઠરાવના ફકરા-૪ ની સૂચનાઓમાં આથી ૪ (૩) પછી નીચે મુજબ સુધારો-ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૪(૪) આ યોજના હેઠળ ગરીબી રેખા માટે કેન્દ્રસરકાર તરફથી વખતો વખત નકકી કરવામાં આવતી આવક કે તેથીઓછી આવક ધરાવતી વ્યકિતને આ યોજનાનો લાભ આપવાનું નિયત કરીએ.ટુકમાં આવક મર્યાદા જે તે સમયે બી.પી.એલના ધોરણે ગણવાની રહેશે.

૪(૫) પુત્રીની જન્મ તારીખથી એક માસની અંદર સહાય મેળવવા અરજી કરવાની રહેશે. બાકીની તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૬-૫-૨૦૦૨ ની નોંધથી મળેલ પરામર્શ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.કે.સોની)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી,સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.ના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ સર્વે નાયબ નિયામકશ્રી (વિ.જા.)
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ.
પેએન્ડ એકાઉન્ટન્ટ ઓફિસર,ગાંધીનગર.
વિભાગની ગ, બજેટ-શાખા સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેક્ટ ફાઈલ.
૧૦૨એપી